उदेपुरना राणा प्रतापसिंह

નાટકનાં ગાયનો.

ખાસ

ભાવનગર આર્ય હિતોપદેશક નાટક મંડળીને માટે

બનાવનાર

તુળજારામ રણછોડજી પંડયા.

પ્રસિદ્ધ કર્તા

बालुभाई कहानदास मणीआरनी कुं०

દશાલાડ વાણીયા ભાવનગર.

બુકસ એન્ડ કેપસેલર એન્ડ પબ્લિશર.

નિજ બાહુનાં બળ થકી, કરી કીર્તિ પ્રકાશ;
સિંહ પડે ચો લાંઘણું, તોયે ચરે નહિ ઘાસ.

અમદાવાદ

ધીકાંટે "યુનિયન" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીંમત રૂ૦-૨-૦.

अर्पण पत्रीका.

ર. રા. સદ્ગુણ મહેરબાન મુરબ્બી ઉદારદીલ સરસ્થાન
ભાવનગરના આસિસ્ટંટ સર ન્યાયાધિશ
સાહેબ હરીલાલ દામોદરદાસ.

મુ૦ ભાવનગર.

આપની ઉદારતા તથા દયાળુપણું તથા વિદ્યા-
દેવીની મહત્વતા વધારવાને હમેશાં ઘટીત ઉપાયો
યોજ્યેછો; આપ ગરિબ તવંગર તમામને ઇશ્વરી
ફરજ પ્રમાણે બરાબર ગણોછો. આપની જીંદ-
ગાનીમાં આપે જે જે સુકૃત્યો કર્યા છે તે વર્ણવવાને
આ જગ્યાએ મારી કલમ શક્તિ ધરતી નથી.

આપની સુકીર્તિનો સૂર્ય સર્વ સ્થળે ઉદય થઇ
રહ્યો છે. જેથી આ મારા લઘુ પુસ્તકમાં આપ
જેવા સુકીર્તિવાન પ્રીતીપાત્ર પુરૂષનું નામ સામેલ
રાખવા શ્રેય ધારી આ પુસ્તક આપનેજ અર્પણ
કરૂંછું તે સ્વીકારશો.

લી૦ સેવક

બાલુભાઇ કહાનદાસ મણીઆર.

ભાવનગર

उदेपुरना राणा प्रतापसिंह नाटकनां गायनो.

પ્રભુપ્રાર્થના.

(માલકૌન્સ.)

મ્હેર કર મારા હાલપર ઓ પ્રભુ,
તારૂં નામ સાચું સદા હું જપું. મ્હેરકર
તુંહી વિશ્વતારક પાલન હાર,
છું દાસ તારો શરણે આવાર. મ્હેરકર.
અલ્પમતી મુજ સ્વામી કહું,
પાંગુલજેન ગીરી ચડવા ચહું. મ્હેરકર.
દો સાહ્ય શેવકને જ્ઞાન મળે,
પ્રભુ કૃતી તારી ન કોઈ કળે. મ્હેરકર
પ્રભુ કરો હોંશ પુરી મારી,
ભવ સમુદ્રેથી લ્યોને તારી મ્હેરકર.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સલીમ—(પોતાના મગલગઢની હદમાં છાવણી કરેલ ત્યાં કચેરીમાં)

સોરઠની ગજલ.

રાખું છું ઘણીરે ઉમેદ હું જીતું કદિ રાણા તુંને. ટેક.
ખ્યાતિ પામું ખલ્કમાં સુલતાનની પ્રીતી વધે;
મળે માનરે મનમાંનતું જો જીત મૌલા દે મને. રાખુંછું

બહુ હામ નાંખેલી છે કહું લડાઇ ડુંગરથી ચહું;
ફરે રાંનમાં રાણી બહુ તે માટે શો હું ઉપાય લઉં. રાખું છું.

પ્રવેશ ૨ જો.

રાજમહિષી–(પહાડમાં સુતાંછે ત્યાં જાગૃત થઇ પ્ર[illegible] જોઇને)

લલિત છંદ.

સહન દુઃખ આ શા રીતે કરૂં, કપરૂં કષ્ટ છે અંતનું ખરૂં૦
નવ રહે હવે ધૈર્ય માહરૂં, દહન ડુંગરા દેખીને ડરૂં.
અપદશા કહું આવીરે ખરી, તદપી પુંઠના છોડીરે અરી.
પીયુ ધરી રહ્યા ટેક કુળની, રખડે રત્નરે માંહી ધુળની,
રખડતી થઇ રાંનમાં અરે, વિપતીમાં કશી ન્યુનતા ખરે.
બાળ ટળવળે અંન માટરે, મરણ આપ તું શ્રીહરી અરે,
શરિર કષ્ટમાં ખાંમી ના રહી, જમીન સાથરોરે કર્યો સહી.
બીક અરી તણી બહર નીશરે, હૃદય ના ટરે કોઇ દિશારે.

પ્રતાપસિંહ–(પોતાની રાણીના વિલાપથી)

રાગ સીતાજીના મહીના.

મુજ પ્રાણથી પ્યારી નાર, સહો દુઃખ હું કારણે;
મળ્યો ભૂપતી હું ભરથાર, છતાં નહીં સુખરે.
કીધાં પાપ હશે પામ્યાં કંથ, અભાગીઓ હું સમો;
નહીં તો માણત ભોગ વિલાસ, દુખ દેહનાં ખમો.
મુજ બાળ કરેરે રૂદંન, સુખ નહીં કોઇને;
જોઇ આક્રંદ ના ધારૂં ધીર, જાણું મળુ શાહને.
દુધ સાકર આરોગનાર, પોષણ હવે રોટલે;
મુકયા પલંગ છત્રી હતા જેર, પોઢણુ હવે ઓટલે.

બીજ ઘાંસની રાંધેલ ઘેંસ, આપું રાજ બાળને;
પુરી કદીક તે પણ ન હોય, હૈએ ઉઠે જ્વાળરે.

રાજમહીષિ–(પોતાના સ્વામીને દિલગીર જોઇને)

રાગ સદર.

માહારાજ રખે કદી મંન, ચિન્તારે મારી ધરો;
કરે કાંમની ભૂષણ સાર, દુઃખ ખંમવું ખરે.
દુઃખ ભોગવ્યા સારૂ આ દેહ, પૃથ્વીએ થઈ;
ન કરીએ કદિ પાછો પાય, દૃઢ મંનથી રઈ.
તમે વંન વંન રખડો નાથ, અમે સ્થળ એકમાં;
શું કરીએ સ્વામી નાથ, ઉપાય ન હાથમાં.
છે દુઃખમાં સર્વ કુટુંબ, પ્રભુ જોશે પીડને;
જોઈ વિપય તમારી ટેક, પ્રભુ દેશે સુખને.

પ્રતાપસિંહ—(લડાઇમાં જાયછે. ત્યારે તેની રાણી કહેછે.)

રાજમહિષી—(રાગ ગોપીચંદનો.)

સુણો સુજ્ઞ સ્વામિજી જાવા નહીં દઉંરે તમને જંગમાં.

પ્રતાપસિંહ–સુણ પ્યારી નારી કલંક આવેરે ક્ષત્રી કુળમાં;

રાજમહિષી–દહન ડુંગરા દેખી ડરૂંછું કેમ પામું વિશ્રામ,
કોણ આધારે જીવવું હવે જાઓ રણ સંગ્રામરે. સુણો૦

પ્રતાપસિંહ–હાણ થાય હાંસી કરે જંન લાજે ક્ષત્રી કુળ;
માન સિંહનો ગર્વ ઉતારી, મુખમાં નાંખું ધુળરે. સુણો૦

રાજમહિષી–અંન વસ્ત્રથી ઊણાં રહીએ સહીએ સરવે દુખ;
નેણે નિર્ખી શાંન્તી પામું યાદ પડે નહીં ભુખરે. સુણો૦

પ્રતાપસિંહ–દેખી શત્રુદળને પ્યારી કેમ પેસું ઘરમાંય;
કલંકીત કરમાં કુળને શું થાય મરૂં રણમાંય. સુણો૦

રાજમહિષી—નિરાશ્રીત હું નારી તમારી છોડો કોને આધાર;
ગરાસ ગ્રહ રેવા નહીં મારે આ બાળ કોને આધાર રે. સુણો

પ્રતાપસિંહ—ગુમાવ્યો ગરાસ મેં પ્યારી કુળનું ધરી અભીમાન;
નસીબ સાનું સાથે જાણો તિથી કોઈ બળવાન રે. સુણો૦

રાજમહિષી—શત્રુ દળ આગણીત પિયુજી કેમ પામશો પાર;
કેવળ મોતને શરણું થાવું કોણ ધીરજ દેનાર રે. સુણો૦

પ્રતાપસિંહ—દન્તી વૃંદમાં સિંહ એકરે સૌનો કરે સંહાર;
અર્થ નાનો માન ન પ્યારી. રાખું દશ આધાર રે. સુણો૦

રાજમહિષી—શીર છેદીને જશો પિયુજી ફરીને દેખાશો નાથ
સામંત સુરા મિથ્યા મરશે સબળ શત્રુના હાથ રે. સુણો૦

પ્રતાપસિંહ—રોવો માં રાણીજી શાણી ભાવે દૈવનું થાય;
જીત આપશે જગતનાથજી ટેક ધરો ઉરમાંય રે. સુણો

અશ્રુમતિ—(પોતાનો પીતા લડાઈમાં જાયછે ત્યારે પકડી રાખીને)

રાગ—(હાએ હાએ હેરાની. આજકું પાટ.)

રે પીતા છોડીને, જાઓ તમે ક્યાંઈ, અમારી શી ગતી આંહી;
ન આધાર કો તમ વિના જગમાંહી, અમારી શી ગતી આંહી;
કરીએ આ ત્યાગ ભુમી દુખદાઈ, કરશું મજુરી જઈ ક્યાંઈ.
શત્રુ રે સબળ છો જાણો તમો પ્યારી, નાહીં જાનું ઘટે પીતા ત્યાંઈ.
પરણાવી નથી મુજને રે પીતાજી, નથી લાડ લડાવ્યાં કાંઈ;
એક છો આધાર તમે જગ માંહી, અમારી શી ગતી આંહી.

પ્રતાપસિંહ—(પોતાની પુત્રીનું શોકમય ગાયન સાંભળીને.)

રાગ કુંવરી કુંવર મારા લાડકા

દેખુંછું વખત દયામણો. કંપે થર થર કાય;
મુકી પુત્રી મને આ સમે, હાંસી વેરી હૃદે થાય. દેખુંછું.

ઊભાછે સરવે સામતો, જુએ મારીરે વાટ;)
આવીશ શત્રુ સંહારીને. મુકો ચિન્તા તે માટ. દેખુંછું.
ડરે શત્રુથીતે શુર નહી, જાણો સરવેછે સુર;
આપત્તીથીરે ઊગારશે, થાશે પ્રભુ પ્રસંન. દેખુંછું.
આગ લાગેરે મારા અંગમાં, દેખી મુજ પરીવાર;
પ્રાણ ત્યાગુ શત્રુ ના મળું નહીં જીવનમાં સાર. દેખુંછું

રાજમહિષી-(પોતાનો પતી તરછોડીલડાઈમાં જાયછે ત્યારે કહેછે.)

રાગ દેશની મલાર.

દાસીની દયા દીલ ધરજોરે, ભરથાર વેલેરા વળજો. ટેક.
હાલ જુઓછો પ્યારા મારા, પ્રાણનું પાલન કરજોરે. ભર૦
વાટ જોશું વાલા અમે તમારી, દઈ દરશન દુખ હરજોરે. ભર૦
તમ દરશન વીન પ્રાણ તજું હું, વચન તમારે પળજો રે. ભર૦
રોઝ મરે આ બાળો તમારાં, દયા દીલે કંઈ ધરજોરે. ભર

મલુભીલ—(પ્રતાપસિંહે પોતાના કુટુંમ્બની ભલામણ આપી તેના જવાબમાં)

રાગ દેશી અરજણીઓ.

મલુ જાણો મંનનો બાપારે, મલુ જાણો મંનનો.
રે વાલાજી વચન તમારૂં ના વીસારૂં રે. પરતાપજી.
સમ ખાઉં ખોડીઆરના રાણા રે. સમ ખોડીઆરના
અરે તેને પુજુ હુંરે પરમેશ્વર જાણીરે. પરતાપજી
ભીલ તણીરે ભામની રાણારે, ભીલ તણીરે ભામની
રે રાણાજી હેવા કરશે બહુ સારીરે. પરતાપજી.
ફળને ફુલો આણીને રાણારે, ફળને ફુલો આણીને;
રે રાણાજી ભોજન કરશે બહુ સારીરે. પરતાપજી.

પ્રવેશ ૩ જો.

પ્રતાપસિંહ—(હળદીઘાટના મેદાનમાં પોતાના યોદ્ધાને કહેછે.)

રાગ—ક્ષત્રી કલંક કેમ લેશોરે.

રે શીશોદીઆ ના શુર સુણોને તમે વાત મારીરે,
ખરા ક્ષત્રી તણા તમે સુત રહ્યા ધણું ધીર ધારીરે. ટેક.
જુઓ વડીલોનાં વિચારોને સાલ. સુણોને તમે.
આપી પ્રાણ રાખ્યું ચિતોડનું સત્ય; રહ્યા ઘણી ધીર૦
પોંચી કિર્તી આકાશ પાતાળ. સુણોને તમે.
પ્રાખ્યા શત્રુ કેરા બુરા હવાલ. રહ્યા ઘણી ધીર૦
નથી પ્રતાપને પામવું આ રાજ્ય. સુણોને તમે.
કાઢો તુર્કને મેવાડથી બહાર. રહ્યા ઘણી ધીર૦
નાંખો હામ અને પડાવો પોકાર. સુણોને તમે.
ત્રાહ ત્રાહ કરે ચંડાળો આ વાર. રહ્યા ઘણી ધીર૦

રામસિંહ-(પ્રતાપસિંહને યોદ્ધાઓ તરફથી જવાબ આપેછે)

રાગ કલ્યાણ.

રે રાણાજી શું વદો પીતા આ ક્ષત્રી સરવેછો વજ્રટેક મારીરે. રાણાજી.
ગોયા તમારામાં સમાણા જીગએ ચિતોડની લાજ અમને પ્યારીરે. રા.
દશ હજાર આ સામત શુરા ઉભાછો કરીને તૈયારી રે. રાણાજી
આત્મા અમારો આપ આધારે દેહ ન જાણો તમે ન્યારીરે. રાણાજી
લઇએ સોગન સ્વામી અમારા મંજુરછે કરો તમે ધારીરે. રાણાજી

પ્રવેશ ૪ થો.

સખ્તસિંહ—(પ્રતાપસિંહ પર મોગલો ધા કરવા જાયછે એટલે બોલે છે.)

(રાગ અરે તાલ તું ધર્યને અરે-)

અરે ભ્રષ્ટ મોગલ માં કરો શીર ઘાવ મારા ભ્રાતને;
સુતોછે રાણા શાંન્તિમાં હણી ગાત્ર દુષ્મનનાં ખરે. અરે.

મોગલ—અરે તમે થઈ શાહના કેમ આમ બોલો કારમા,
ધિક્કાર પામ્યા કષ્ટ વેઠી મેળવ્યો મેવાડમાં. અરે.

સખ્તસિંહ—છતી હજી હું શાહનો મુજ ભ્રાત મરતો જોઉં હું;
હોએ કદાપી હામ જો તમ બે અને હું એક છું. અરે.

સખ્તસિંહ—પ્રતાપસિંહ જાગતાં ક્રોધ કરી બદલો લેવાનું કહે છે ત્યારે બોલ્યો.)

રાગ લાવણી.

વડીલ ભ્રાતા વીત્યાંગીને તમે ધરોને હુંપર રોષ.
જુઓ અરેરા (૨) મેં કર્યો મુગલપે કોપ. વડીલભ્રાતા.
હું લઘુ ભ્રાતા (૨) તમે માફ કરો મુજને,
વચન ઉલંઘન કર્યું હોએ કદી રીસ ચડી તેને મુજને.વડીલભ્રાતા.
નવ બળે ચાહ (૨) કહું કોપણ્ તારીથી ભ્રાત,
ભૂલ ચુક મુજ ક્ષમા કરીને ધરો શીર પર હાથ. વડીલભ્રાત
ધન્ય સૂર્ય કુળ (૨) ના દીપમણી છો આપ,
અમે અભાગી કુળ ધર્મ શું સાચવીએ સહી તાપ. વડીલભ્રાતા

પ્રતાપસિંહ. (પોતાના ભાઇની દીનતાથી પ્રસન થઈ કહેછે)

રાગ સદર.

મૃદુ શબ્દ ભ્રાત (૨) સુણી આનંદ મુજને થાએ.
પ્રાણ બચાવ્યો માહરો મા જણ્યો જડે ન જગમાંએ.
નહીં મદદગાર (૨) આ અગાધ જંગલમાં;
કોણ સાહરે કરત માહરી પ્રાણ તજત પળમાં.

પ્રવેશ ૫ મો.

રાજ મહિષી. (અશ્રુમતીનું હરણ થયું પાછળથી રાણો આવતા તે પાસે પણ નથી તેથી પ્રભુ પ્રાર્થના કરે છે)

રાગ—કુંવરી કુંવર મારા લાડકા.

વન વન ભટક્યાં શ્રીહરી છતાં આપ્યું ન સુખ,
ભિખારી થઇને ભટકીઆં લખ્યું કર્મમાં દુખ. વન વન.
અંન વસ્ત્રોની આપદા સહી સરવે મેં આપ,
પ્રાણ આધાર પુત્રી ગઇ પુર્વે કીધેલ પાપ. વન વન.
હરણ કરી ગયા શત્રુ કે ખીધી વિકાળ વાઘ;
કારી ઝખમ આના રૂએ દૈવે દીધો આ દાગ. વન વન.
શોધી ફરી વળી ચોદીશે લાગી નહીં કાંઇ ભાળ,
અરણ્યમાં થઇ એકલી કેમ ઓસરતું જ્વાળ. વન વન.

પ્રતાપસિંહ. (પોતાની રાણીને—ધીરજ આપે છે)

રાગ.

સોચ કરો દુર પ્યારી, સુણો ધીર ધારીને;
સિમાન આવી દુખની કશિજ ખામી ના રહી. સોચ કરો.
સુત ભ્રાત પડ્યા જંગે અશ્રુબિંદુ ના પડ્યું,
નેણથી ન બંધ થાય નીર નેનમાં અડ્યું. સોચ કરો.
ઘાવ પડે શત્રુ કેરા. કંપ્યું ન મારૂં કાળજું,
ત્રાણ ત્રાસ દીલમાં જોઇના શકું વધુ. સોચ કરો.
ચિતોડ જાણું ચિતા રૂપ, આગ માનની મુકો,
મેવાડ ના મળે શું થાય વિદેશ જા શુભામની. સોચ કરો.
બિક વિચાર મન મુજ શત્રુ મળવા કરે.
વિદેશ વેઠું પ્રિતથી ન થાઉં શરણ આખરે. સોચ કરો.

ટેક તો ના ત્રોડવી ભૂમી જઇશ ત્યાગીને,

સુખી થાશું સિંધમાં વસી ત્રડિલ વાસને. સોચ કરો.

રાજમહિષી. (પોતાના સ્વામીને અતી શોકાતુર તથા દું-ર્બળ સ્થીતીમાં જોઈને)

રાગ દારૂડી.

નિરખું દુષ્ટ આ નેણથી નહીં સુખ સ્વામીને. ટેક.
રાજ દેહી પ્રગટ થઇ ના ભોગવ્યા વિલાસ.
મશરૂ તળાઇ પોઢણે તેને સાથરો છે ઘાસ રે. નહીં સુખ૦
ચાંદી પાત્રો ભોજને, તે છોડી દીધાં સાર,
ઝાડ પાત્રે આરોગવું જોઈ હૃદય કંપે આ વાર રે. નહીં સુખ૦
મહેલ માંહી બિરાજતા વસો ગુફાની માંય,
જોયું ના જાય મુજથી પણ હાથ નહીં ઊપાય રે. નહીં સુખ૦
વન વન ભટકે ભોગીઆ ન સુખ સ્વપ્ન માંહી,
હોળી બળે છે હૃદયમાં ન શાન્તિ દીલની માંહી રે. નહીં સુખ૦

પ્રતાપસિંહ. (પોતાની રાણીને કહે છે.)

રાગ લાવણી.

ચિતોડ જતાં શું સુખ પ્યારી હું પામું,
ભોગવશું સર્વે સુખ. જુએ પ્રભુ સામું;
બાપાએ બળથી લીધેલ સ્થાનક જેહ,
મુજ પુર્વજ પુરૂષો તણું તેજ. છે તેહ.
તે જતાં કહો શું સુખ દુખના ઢગલા.
મુજ મન રહે ઉદાસ પાપી મુજ પગલાં,
ઊલટું ઉદેપુર ગયું ચિતોડ ચિન્તામાં,
મુજ બળ ના ચાલે કશું આગ હૃદયમાં;
પ્રભુ પ્રસંન પાપી ઊપર જીત મેળાવે,

મુજ મંહેનત જાએ વ્યર્થ હારતો થાએ.
પ્રભુ કૃપા વિના ના કામ સિદ્ધ તો થાએ,
મથી મરે કરી રે પ્રયત્ન સમુળુ જાએ.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

અશ્રુમતી.–(પોતાનું હરણ થયું છે તેમ આંખ ઊઘાડી જોતાં બોલે છે)

રાગ ગજલ.

હાય હાય મુજને યાં કોણ લઈ આવ્યું અરે પ્રભુ.
પરાઇ તે જગામાં મને કોણે મુકી પ્રભુ. ટેક.
ઊપાડી લાવ્યું કોણ હ્યાં મુજને અરે કહું,
બહાર સુતીતી શાન્તિમાં લાવ્યું કોણ અરે કહું હાયહાય.
સ્વપ્નું નહીં આ સત્ય છે દ્રષ્ટિએ દેખાય છે,
શું કરે આ દુત જમનો ડરી મરૂં પ્રભુ હાયહાય.

ફરીદખાં. (અશ્રુમતી પોતાથી બીએ છે એમ જાણી દીલાસો આપે છે.

(રાગ લટકે મટકે જાવું લડવા)

બીમાં રેતું બાળા મારી ફરીદખાંની થા નારી,
નહીં જડે દુનીઆમાં આવી સુંદર મુરત જે સારી. બીમાં રે.
તું હૈયાનો હારજ મારો જવાહીર તું મન મારે;
લાવી આપું જે જોઇએ તે માગી લેને મુખ તારે. બીમાં રે.
સલીમનો હું સાચો સ્નેહી મહેર બહુ મુજ ઉપર છે.
લાડ લડાવીશ બહુ હું પ્યારી ખાલી થામાં દુખીયારી. બીમાં રે.
જો મુજ મુંછ અને આ દાઢી માથું કેવું મોટું છે,

ચેહેરો જો તું નિર્ખી નિર્ખી નમુન ખુદાએ બનાવી છે. બીમાં રે.

અશ્રુમતી–(ફરીદખાંથી બીહીને મદદ સારૂ રાડ કરે છે.)

રાગ.

મુજ વીન દુખીયારી કોઇ નહીં.
મુજને મદદગાર કોઈ નહીં. મુજવીના.
જુલ્મ ગુજારે લાવીને આંહી લાચાર કોઈ નહીં.
અહીં મુજથી લાચાર કોઇ નહીં મુજવીના.
થઈ જીંદગાની હવે આ નકામી લાચાર કોઈ નહીં.
અહીં મુજથી લાચાર કોઇ નહીં. મુજવીના.

અશ્રુમતી–(સલીમે આવી દીલાસો આપ્યો. તેને જોઇને.)

રાગ.

શાન્ત આ સુંદર સુરત ન્યાળી પામુ વિશ્રાંતી- આનંદ મુજને
કોણ હશે આ દેવ મનુષ્ય કે લય પામ્યો ભય જોતાંજ તુજને ટેક,
કાંન્તિ તારી કુંદન સરખી તે નથી ત્રપ્ત ન થાઉં હું નિર્ખી;
પાસે હશે જો પવીત્ર જન આ દુર થશે બીક વિકાળ જંનની. શાન્ત

સલીમ-(અશ્રુમતીનું અજબ રૂપ જોઇને.)

રાગ બનજારા.

પેખું પદમણી આ કયાંથી, કોણે હરણ કર્યું સ્થાનેથી. ટેક
જોતાં વૃતી મારી બદલાઇ, શું ઉરવશી દેખું આંહી.
આવી હશે અકાશની માંથી, કોણે હરણ.
નહીં ભુમી તણી આ કંન્યા, હરી કોણે કીધો આ અંન્યા;
પડયુ અમુલ્ય રત્ન આ કયાંથી. કોણે હરણ.

સલીમ–(ફરીદખાંને પુછેછે)

(રાગ કહુંછું નશીબે દુખીયો કીધો છે.)

અરે આ બાળા કોણ તણી છે, મધુરી મુરત ક્યાંથી લાવ્યો હરીને. ટેક

કુમળી વયના કન્યા આ સારી ક્યાંથી પકડાવી દુષ્ટ તેં નારી. અરે.
અરે પાખંડી પાપી તું પુરો, કોનો હર્યો તેં સત્ય આ હીરો. અરે.
કયા ગામનાં હશે માબાપ તેનાં હશે હેરાન હૃદય ત્યાં તેનાં. અરે.
સત્ય કથા નહીં વદીશ વદને શિક્ષા સહીશ તું સારી સદને. અરે.

સલીમ–(ફરીદખાનું વ્રતાંત સાંભળી અશ્રુમતીને કહે છે.)

(રાગ બિહાગ ગજલ.)

ચાલ ચતુરાં સંગ તું ન બીક ધારો મન. ટેક.
અકબર દીલ્લીશાહનો સુત સલીમ મારૂં નામ.
નહીં ધારો ધારતી દીલમાં દેખાડું મારૂં ધામ. ચાલ ચતુરાં.
દ્રષ્ટિ મારીથી દુર ન રાખું કરૂં રત્નનું જતન;
પ્રિતે પોચાડું તાત પાસે નિશ્વાસ આણુ મન. ચાલ ચતુરાં.

અશ્રુમતી–(સલીમનો ઉપકાર માને)

રાગ ઠુમરી.

બીતીથા ગઈ હારી થઈ મારી ગની આ. ટેક.
સુંદર મુરત સારી લાગે મને પ્યારી,
મારી નેનની કટારી નહીં ન્યારારે. ગઈ હારી.
બીક થઈ ન્યારી દાસે થઈ સુખીયારી,
જોઈ મુખ ધીર ધારી માનુ પ્યારારે. ગઈ હારી.

ફરીદખાં–(સલીમ અશ્રુમતીને લઇ ગયા પછી જયપુરના રાજા માનસિંહને કહે છે.)

(રાગ લટકે મટકે જાવું લડવા.)

આવે ગધો ભાર ભરીને સાકર તેથી કેમ ખવાય.
ભાગ્ય શાળી જન વગર મેનતે ઘીમાં ભેળી ભેળી ખાય. આવે.
જણનારી જન એક તરફ રહે પાદનારી, તો સુંઠજ ખાય;

લાવ્યો બહુ હું જતન કરીને, મરું માનસિંહને શું થાય. આવે.
ઓાદે ઊદર ખાંત ધરીને ભારીંગથી તેનો ભોગવાય.
વચન આપી પરને સોંપી ખબર પડે મુજ મસ્તક જાય. આવે.
ફરીદખાંને ફરેબ આપ્યો માગું નહીં કોઇ ધરીને ખાંત.
કેક મરાશે ઝગડા થાશે. જાય સલીમનું સત્યાનાશ. આવે.

માનસિંહ–(ફરીદખાંને દીલાસો આપે છે)

રાગ અંગ્રેજી રાહ.

સબર, સબર. સબર, ફરીદ કર સબર;
અંતે માન નારીએ, ફરીદ કર સબર. સબર સબર.
રાપણુ કરશે સલીમ સારું તુંથી તે ના થાત;
વચન મારું પાળું પ્રીતે, પામીશ પની ભ્રાત. સબર સબર.
દુખ ન ધરવું કાંઇ હૃદયમાં, સલીમને દશી છેહ;
ફરીદખાંએ કર્યું પ્રયત્ન, સફળ કરાતું તેહ. સબર સબર.

પ્રવેશ ૨ જો.

મલીના—(અશ્રુમતી. સલીમ પર મોહીત થઇછે તેથી શાબાશણુ આપે છે.)

રાગ.

સલીમ સલીમ શું કરે. સલીમ શત્રુ છે ખરે. ટેક.
રે વેરી દેશ વીસરી, વિચાર વાત રે જરી. ટેક.
પિતા પ્રતાપને કષ્ટ દે, બહુ એની વિચારીલે;
શું શત્રુ સાથે પ્રિતરે, ધિક્કાર છે તુજ રીતને. સલીમ.
કલંક આપ્યું કામની રહ્યું સુર્ય કુળનું આથમી;
પ્રતાપ આથડયો વૃથા, બધાં દુખો શારે વૃથા. સલીમ.

જો માત તાત ક્યાં વસે, વિચાર કારણ શું હશે;
તેં શત્રુ માળા કર ધરી, વિચાર પાપણું જરી. સલીમ.
પિતા તણું નમાવીઉં, અડગ શીર જે હતું;
ચિતોડ ગૌરવ રે ગયું, ક્ષત્રીનું નામ નાશ થયું. સલીમ.

અશ્રુમતી—(મલીનાને ધિક્કારીને કહેછે.)

(રાગ ઠુમરી. જગાઈ હારીરે.)

સુણે તું વાત મારીરે, મુજ રીત તેં ધિક્કારીરે. ટેક
મોહની લગાડી તેણે મંન હર્યું મારૂં રે;
માત તાતને દીધાં વીસારી રે. સુણતું.
જળ મિંન જેવી પ્રિત, જડાઈછે મારેરે;
શત્રુ ના સમજ તું વિચારી રે. સુણતું.
કદી પ્રાણ જાય મારો, સલીમ ના છોડું રે,
શિખ નહીં માનું હવે તારી રે. સુણ તુ.

મલીના—(અશ્રુમતીને મોહું લાગતાં કામનું પરીણામ ગ ગડશે એમ ધારી.)

રાગ—વઇદરભીનો.

અશ્રુમતી મારી બેનડી, પરખી પ્રિતની રીત;
મંન જોયું હતું પ્રેમનું, ખોટી કે ખરી પ્રિત. અશ્રુમતી
પ્રિત કરી ભલે ભામની, શાણોછે રે સલીમ;
ક્યાંથી મળે આવો સાયબો, થાઓ પ્રિતમાં લીન. અશ્રુ૦
કરીતી વાત મેં પ્રેમની, ગાઢ ગુફાની માંય;
સારૂં કર્યું તેં સુંદરી, સારી લીધી તેં છાંય. અશ્રુ૦
ભુલીશ માં કદી બેનડી, વિના લગ્ન ન સંગ;

પાપછે કરતું વીધી વીના, થાએ પુન્યનો ભંગ- અશ્રુ૦

સલીમ—(અશ્રુમતીનો પ્યાર પોતાના પર બહુ છે તેથી કહે છે.)

(રાગ સોરઠ.)

પ્યારી પ્રીત વરણ્યું ન જાય, મુજ મુખે કેમ તે ગવાય. પ્યારી.
જોઈશ જ્યારે સંગ હું તુજને, વીઘ્ન સરવ દુર થાય. પ્યારી.
લીન પ્યારમાં રહીશ સંગે, સુખ ખરૂં પછી ભોગવાય. પ્યારી.
શું તુજ રામા રૂપ રંગછે, પ્રેમ તો હૃદય ના સમાય. પ્યારી.
ગંભીર ગુણો ગાયા ન જાએ, સંભારતાં હૃદય ભરાય. પ્યારી.

અશ્રુમતી—(સલીમની પ્રિતી જોઈને કહે છે.)

રાગ.

પ્યારી દીલથી માંન પ્યારા, પ્યારી દીલથી માંન.
વસો સદા મુજ પાસ ઓ પ્યારા;
પ્રિત કરો નીશદીન મુજ સાથે. પ્યારી.
ક્ષણ એક દુર રહોછો પ્યારા;
મંન ઉદાસી રહે દીલ મારા,
માટે હવે હું નહીં કરૂં ન્યારા. પ્યારી.
તંન મંન ધનથી તુજને ચાહું;
પલ એક તુજને નહીં વીસારૂં. પ્યારી.

પ્રવેશ ૩ જો.

રાજમહિષી—(દેશનો પરીત્યાગ કરવા જાય છે એટલે ચાલી થાકી જતાં.)

રાગ.

પીયુ હવે પંથ કર્યો નવ જાય, ચાલી સુજયા મારા પાય. પિયુ.

પ્રતાપ—પ્યારી ધરો ધીર હવેના પુર વિશ્રાંતી લેશું જરૂર. પ્યારી.

રાજમ—સુખ દુઃખ સહન કરૂં ચાલું પંથ જરૂર;

કંઠે સાસ પડયો બહુ થોભો નમે ચતુર. પિયુ.

પ્રતાપ—મંદીર આવ્યું માતનું લ્યો વિશ્રાંતી સાર;

સ્તુતી જગદંબા તણી કરી લઉં આ વાર. પ્યારી.

રાંણી—શીત પડેછે જોસમાં સહી શકું ન પવન;

વસ્ત્રો ફાટલાં શાયબા ધીર રહે નહીં મન. પિયુ.

પ્રતાપ—નિર્ખું છેલે નેહથી ચિતોડ ચિતની માંય;

પછીથી જાઇએ પરહરી સ્વભુમિને સદાય. પિયુ.

પ્રતાપસિંહ—(પોતાનું મંદીર દેખતાં સ્તવન કરેછે.)

રાગ હીંડી.

ક્ષમા સાથ કરો દીન ક્ષત્રી જાણી;
દયા દીલ ધરો વદુ દીન વાણી.
જાઊં ત્યાગ કરી ભુમી આ હું મારી.
નૃપતી માંહીથી બન્યોહું હું ભીખારી;
નોતી સ્વપને આશ દેશ તજવાની.
તુજ સાથ યવનને કહું ભવાંની;
ગુનેગાર થયોહું શું દેવી તારો;
દઢ બુદ્ધિ રાખતાં પણ હું હાર્યો.

પ્રતાપસિંહ—(ચિતોડના કોટપર નજર પડતાં તે સામું જોઈને)

રાગ બનજારા.

ચિતોડ તજી જાઉં કયાંહી, કર માફ ગુન્હા મુજ માંહી. ટેક.

કુળમાંન ખાતર હું રખડયો, અંન માટે અહોનીશ ફફડયો;

દૈવે દયા ન લીધી કાંઈ. કરમાફ—ચિતોડ.
અરે શીશોદીઆ સૌ શુર, યુદ્ધ પગલે ચાલ્યા મારા વીર;
નોતી આશ રાણો જાશે હારી, કરમાફ—ચિતોડ.
યવન રૂપી રાહુએ ઘેર્યો, નહીં ઊગરવા હવે આરો;
જોઊં છેલું હવે તુંને ન્યાળી. કરમાફ—ચિતોડ.

પ્રવેશ ૪ થો.

સકતસીંહ—(છાવણીમાં અશ્રુમતીને સલીમનો સંગ ન કરવા ભલામણ દેછે.)

(રાગ ગોપીચંદ.)

સુણ પુત્રી પ્યારી પરણવા ધારૂં તને પ્રીતથી. ટેક.
કેદી થઇછે કારમી તું પડી તુર્કને શર્ણું;
મોટી થઈ ના વખત ગુમાવો, અમ ઉપર તુજ હરણુ રે. સુણ.
વિકાનેરના કુમાર જાણો. પૃથ્વી રાજ પ્રવીણ,
સર્વગુણ સંપન્ન છે સારો જડો પ્રિત જળમીંન રે. સુણ.
સલીમ શત્રુ હાથ પડી છે તજો સંગ સુન્દબાળ,
શત્રુ મુસલમાન મલીન છે લાગે કુળમાં ગાળરે. સુણ.
કહ્યું માંનીને મારૂં બાળા ઉર ધરોને વચન;
જો દ્રષ્ટિએ પૃથ્વિરાજને બેઠો તુ જસદન રે. સુણ.

અશ્રુમતી-(પોતાના કાકા સક્તસિંહના વચનનો તીરસ્કાર બતાવતો)

રાગ.

કર્યો ભરથાર નહીં છોડનાર ધાર્યો મન,
કરૂં દીદાર થાએ કરાર ખુશી હું મન. કર્યો ભરથાર.

મળ્યુ મુજ મન તન ધન કરૂં અર્પણ;
નહી શીખ માનુ તમારી હવે હું મન. કર્યો ભરથાર.
કરૂં પ્રાશ્ચિત ધરૂં હું ચિત્ત કરી મે પ્રિત,
સહું હું દંડ છોડો ફેદ જાણું મન. કર્યો ભરથાર.

સખ્તસિહ–(અશ્રુમતીની દ્રઢતા જોઇ ધિક્કાર આપે છે)

(રાગ ભેરવી ગજલ.)

પ્રતાપની અશ્રુ નહીં અન્ય અશ્રુ દેખું છું અહીં, ટેક.
તું ગર્ભમાં ગળી ન ગઇ શીદ અમ કુળે પ્રગટ થઇ;
પાષાણ રૂપ ના પડી હું શીશ છેદું આ ઘડી. પ્રતાપની.
બિલોની વસ્તીમાં ભમી યવન પ્રિત દીલ ગમી,
યવન ક્ષત્રિ ફેર શું ન જાણ પાપણી કશું. પ્રતાપની.
અરે ઊતાર્યો ગર્વ તેં અમ કુળ કાળુ કીધું તેં,
નમાવ્યું શીર નાતમાં હાંસી થશે રે શત્રુમાં. પ્રતાપની.

સલીમ–(અશ્રુમતીને ઉતારે પૃથ્વિરાજ આવતાં શક જવાથી ફરીને કહે છે)

(રાગ દેશીની ખમાસ.)

કહું ફરીદખાંન નિશ્ચે મારૂં તું માન, નહી નારી તું જાણ મારી તું હવે
છે ગુહ્ય ભેદ ભામની તનમાં. કહું ફરીદખાંન.
ના જાણું ચરીત્ર એ નાર તણાં હતો પ્યાર નાહી મણા,
સખ્તસિંહે ફેરાવી શીખ દઇ. કહું ફરીદખાંન.

ફરીદખાંન–(ઊતર આપે છે.)

(રાગ સદર.)

કહું સલીમશાહ માનો મારૂં આ વાર નહીં નાર તમારી કદીએ થનાર
પ્રપંચ કરે જશે ત્યાગી તુંને. કહું સલીમશાહ.

મીઠાં વચન કહી મન લીધું હરી મન જાણે અરી. માનની તમને;
થશે હાંણુ જાણુ મુજ મીત્ર કહું. કહું સલીમશાહહ.
દ્યો મને એ નાર થાય શિક્ષાજ સાર કરૂં દુખી જાણે પાપણી દીલમ
પૃથ્વિરાજ કીધો છે પ્યારનો યાર. કહું સલીમશાહ.

પ્રવેશ ૫ મો.

અશ્રુમતીં—(સલીમને પોતા પર શક જવાથી ખાત્રી બતાવેછે)

(રાગ દીલદારી કીનીરે.)

મન તારી માની લે છો તું જીવ જાન.
મન ડરનાં, દીલમાં જરીના છે રસીઆ ન ફસીઆ,
નહીં નહી આ મત ડરનાં મન તારી માની લે.
વાર વાર ના યાર હવે તું પ્રીતે કરી ના માર મને તું;
માસો, ચાસો, હાસો, રે મન તારી માની લે.

સલીમ—(ખુશી થતાં અશ્રુમતીને નકા કરવા સાથે તેડી જાય છે.)

(રાગ સીયાનો કનરો.)

ચાલ ચતુરાં સંગ થઇ તું લગ્ન સમાજ તૈયાર બન્યો છે. ટેક.
મસીદમાં દીપમાળા પ્રગટી, કાજી કુરાન લઇને ખડો છે. ચાલ.
બેગમો બહુ ત્યાં સંગ મળી છે. નિર્ખવા તુજને મગ્ન થઇ છે. ચાલ.
ધીરજ ના ધરે હૈયું રે મારૂં, તુજ વીન મુજ આ સદન અકારૂં ચા.
તાજરે મળશે તારૂણી તુજને, સાપર હુકેમ ચલાવીશ સદને. ચા.

સલીમ—(સલીમને આઠ દીવસ લગ્ન કરવા બંધ કહેછે તેથી)

રાગ સોરઠની ગજલ.

હાય શું હશે મુજ ભાગ્યમાં, નવ જાણું ગુપ્ત આ વાતમાં. ટેક.

શું વીઘ્ન આવીને પડયું, મુજ દીલ તુજ સંગમાં અડયું. હાય.
શંકા ધરૂં તુજ શબ્દમાં, અંન્ય આડ આવી કાર્યમાં;
ખરે કર્મ મારૂં કયાં ગયું, કીધેલ કારજ ધુળ થયું. હાય.
ન ગુપ્ત ભેદ જાણું હું, જણાવ આનો મર્મ તું;
પ્રપંચ પ્રિતની રીતમાં, છે ઘાત રે તુજ દીલમાં. હાય.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

અશ્રુમતી—(પોતાને મકાને આવેલા પ્રિથ્વરાજને માર્યો, તેથી સલીમને કહે છે.)

(રાગ મેં જાનતીથી પરીઓસે અછા નહીં કોઈ.)

સલીમ શાહ જુલ્મ મશો, કર્યો તમે અહીં;
સમજુ થઇને તમે, આ શું કર્યું અહીં. હો સલીમ.
વાંક શું વિચારોને, પડયો છે મુજમાં;
છરો લીધો છે હાથમાં બહુ ક્રોધ રે કરી. હો સલીમ.
માર્યો તે પૃથવી રાજ બે ગુને કહું;
દયા ન આવી મનમાં, તુજને અરે જરી. હો સલીમ.
મરવા ખુશી તુજ હાથથી, સલીમ હું કહું;
તકદીરમાં લખ્યું છે તે, ફરે નહીં કદી. હો સલીમ.

સલીમ—(અશ્રુમતી પર બરાબર શક જતાં.)

(રાગ ઇંદ્રસભાનો.)

બસ કર દુષ્ટ નહીં લાગે પ્રિય વાત;
પ્રપંચ તુજ પ્રિતમાં છે દીલમાંહી ઘાત.

પૃથ્વિરાજ પર તારો પ્યાર છે કહું;
છતો કર્યો મેં છળ તારો શું વધુ વધું.
સમજીશ જૈશ જ્યારે, પૃથ્વીરાજ પાસ;
સુખી થાજે સુંદરી તું કર્યો મને ઉદાસ.
છેતરાઈ શબ્દથી ના છોડું રે હવે;
ન ભુલું તુજ પ્રેમમાં ન ભુલવે મને.

પ્રવેશ ૨ જો.

પ્રતાપસિંહ—(અશ્રુમતી આવતાં વાત ચીત થતા સલીમ પર પ્રીતી છે એમ જણાયાથી.)

(રાગ ભરથરી.)

કલંકીત થઈ તું કુંવરી, કર માં શત્રુ વખાણજી;
પતીત પાપી સુત શાહનો, જંગે કરત સંહારજી. કલંકીત.
અશ્રુમતી–શાણારે સલીમને છાંએ હતી. સુખશાન્તિમાં સારજી;
ક્યારે મળીશ મુજ સ્નેહીને, જીવન વ્યર્થ અસારજી. શાણારે.
પ્રતાપ–ગર્ભનાં કેમ ગળી ન ગઇ, પુત્રી પાપીચંડાળ જી;
ગર્વ હતો સુર્ય કુળનો, ઉતાર્યો તેં આજ્યાયજી. ગર્ભમાં
અશ્રુ—સંહારી નહીરે સલીમ તેં, પામી કષ્ટ અપાર જી;
વેરીનું વૃંદ આ સો થયું, રહું કોનો આધારજી. સંહારી.
રાણી–(આવીને) આવને અશ્રુ તું કયાં ગઇ, ઠારૂં જોઈ લોચનજી;
ચોંપથી ચાંપુ રે હ્રદયમાં, મળી દીન ઘણે એનજી. આવને.
અશ્રુ—માતા શું પામીશ આપનો, આજ હું આંહી જી;
પાપી માને મુજ તાતજી, તારો તારણી માતજી. માતાશું.
પ્રતાપ–માંરે મહિષી નવ ભેટજો, ભ્રષ્ટ થઈછે દુષ્ટાય જી;
યવનની ઇચ્છા મંન ધરે, થાશો અપવીત્ર અંગજી. માંરે.

રાણી—હાય દૈવું કેમ હાથરે, પાંમી ન પુત્રી સંયોગજી;
પુછો પતી. સપ્તસિંહને, દોશીત થઇ છે આ બાળજી. હાયરે.
સક્ત—સલીમે સોગન ખાઇ કહ્યું અડકયો નથી મુજ હસ્તજી;
શુદ્ધ છો ક્ષત્રીના કુળમાં આપો અશ્રુને માનજી. સલીમે.
પ્રતાપ-પ્રસંગ હોએ જે પાસનો પામે તે તણો સંગજી.
કેમ હું જાણું પવિત્ર છો. અહોનીશ દુષ્ટનો સંગજી. પ્રસંગ.
બસ આપો ઝેર પુત્રીને લગાડો નહીં વારજી.
બીક કશી નવ મંન ધરો. મારો ભ્રષ્ટ એ નારજી, બસ૦
પરણાવી ક્ષત્રીને આપવું કુળમાં ઠીક કલંકજી.
દીન દીન તેની વૃદ્ધિ થતાં નાશ કુળનું મુળજી. પરણાવી.
વશીષ્ટ—(કચેરીમાં શીષ્યો સાથે ગાતા ગાતા પ્રવેશ કરેછે.)
હરીગુણ ગાઓ ત્તાંની ધ્યાંની રટન્જે અહરનીશ જાણો.
મુક્તિ મળશે માંનો અન્ય કથા નવ કદીજ ઉર આણો.
પૃથ્વિ પવિત્ર થાશે, જન્મ થશે જ્યા પ્રભુ પ્રગટ થાશે.
વૃંદો મુનીનાં તારે. વસશે આંહીં કાળ કળી જાશે,

વશીષ્ટ—(કચેરીમાં આવીને.) (રાગ.)

આ શીર વચનજ માહરૂં એ, સુર્યવંશી ભુપતી.
મેરૂ મિશાલે અડગ રહી, ઉજાળ્યું કુળ શ્રી રઘુપતી,
સૌ કષ્ટ વેઠયાં કારમાં દાસત્વના સ્વીકારીસું;
યજમાન એવા ટેકીને ઉલ્લાસ મન પામ્યું બહુ.

રાગ.

પ્રતાપ તારી કીર્ત્તિની વાણી, પતીસુર કેરી થઇ જ્યાં કચેરી;
કળીયુગે ભ્રષ્ટ થયો. ન રાણો, પ્રતાપ ટેકી સઘળો ગવાણો.
પ્રતાપસિંહ—(વશીષ્ટને નમીને કહે છે.)

(રાગ. પુન કુમલાજી અરવા.

કરૂણા નીધી તમે ક્યારે કીધી સાર દીનની લીધી.
સાર દીનની લીધી હો, પ્રભુ પ્યારા. સાર દીનની લીધી. ટેક.
અમ અપરાધના દોશ મટાડ્યા. મુજ પુર્વજ તાર્યા.
ગતિ તને પ્રભુ પાવન કીધો. સઘળે પ્રસીધ કીધો.
શું છે ગજુ આ અલ્પપ્રાણીનું સુર ઉપમા આપો.

પ્રવેશ ૩ જો.

શિષ્યો—(વશીષ્ઠ મુની સમાધીમાં છે ત્યાં શીષ્યો ગાય છે.)

(રાગ. નાથ કેસે ગજકો બંધ છુડાયો.)

સજ તમે થાઓ સઉ વિધ્યા બ્યાસી.
વૃદ્ધ ગુરૂજી હવે તજશે સમાધી. સજ તમે.
અશીક મુનીની શેવા કરો તમે તન મન ધન સૌ ત્યાગી,
મોહતો ત્યાગી આ માયા કેરો કૃપાદાન લ્યો તમે માગી. સજ તમે.
રટણ કરો તમે શુદ્ધ ચીતે કરી, લગની તમેરે લગાવી,
જગત જંજાળથી પાર ઉતરશો, લેશે ગુરૂજી બસાળ. સજ તમે.
સુશીક સમ આ જાણો ન જગમાં જ્ઞાનીને તીવ્ર વૈરાગી,
જાગશે છોડી સમાધીજ જ્યારે પામશો ફળ બડ ભાગી સજ તમે.

અશ્રુમતી-મુનીના આશ્રમમાં ભેખ લે વાજતાં ગાય છે

(રાગ લાવણી)

લખેલ છે તક દીરમાં મારા ભટકું હું જંગલબારી,
લગની પ્રભુની લાગી મુજને દીલ માંહી ભારી:
જાળ છે જગમાં મોહની મોટી પ્રભુ મને લ્યો ઊગારી;
કષ્ટો સહ્યાં મેં પ્રભુ લ્યો ભવથી હવે મુજને તારી.

સલીમ વિના સુજે નહીં કાંઇન રાજની આશા મન મારે,
દીક્ષા લઉં હું રૂપીની પાસે શીખામણ હીતકારી;

પ્રવેશ ૪ થો.

અશ્રુમતી–(યોગીની દ્દન લઇ પોતાના પીતા પાસે ભીક્ષા લેવા આવીછે)

(રાગ ભરથરી.)

ભીક્ષા આપોને રાણા ભેખને,
નથી પુત્રી અશ્રુ આયજી; ભીક્ષા.
યોગીની ધારો હવે તમે,
વસુ જંગલ મોઝારજી. ભીક્ષા.

પ્રતાપ–નથીરે પડી પુત્રી ફંદમા તુર્ક તણામાં સારજી,
સાંભળી શત્રુની કીરતી પાપી ગણી તે મેં વારજી; નથી.
કેવળ દોષ છે તાહરો લીધાં શત્રુનાં નામજી,
દીક્ષા લેમાં પુત્રી માહરી પ્રીતે પરણાવું સારજી. કેવળ.

અશ્રુ–નથીરે પીતા મારે પરણવું છોડી આશ સંસારજી,
હવે રે જાવું જોગ સાધવા છોડું પરીવાર પ્યારજી;

પતાપ–કરમાંની રાશ પુત્રી મને, નથી યોગમાં માલજી,
મૃદુગારે પાર ન પામશો વિકટ મોહની જાળજી. કરમાં.

અશ્રુ–ઉદાસી અંગમાં વ્યાપી છે ભાસ્યો ફોગટ ફંદજી,
દીવ્ય રેતાન પ્રગટ થયું અહોનીશ પામું આનંદજી. ઉદાસી.

પ્રતાપ–સુખી થાજે પુત્રી યોગમાં થાશે મોક્ષ ઉદ્ધારજી,
ક્ષણ ભંગુર આ દેહ છે, આપું ભીક્ષા લ્યો સારજી. સુખી.

રાજમહિષી–(અશ્રુમતીને જોગણના વેશમાં દેખીને.)

(રાગ ગોપીચંદ.)

મુજ પ્યારી પુત્રી દુખી કરમાંરે દીન માતને.
અશ્રુ—નહીં માનું માતા છોડોને મિથ્યા તમે વાતને,
રાજ—તુજ આધારે દીનમેં ગાળ્યા ટાલ્યા દુખના દીન;
જગત પતીએ કરૂણા કીધી બની જ્ઞાન માલીન રે. મુજ.
અશ્રુ—કષ્ટ લખ્યું કરમમાં સુખ કેમ ભોગવાય.
ભાગ્ય મુજમાં ભેખ લખ્યો છે. મિથ્યા તે કેમ થાય રે. નહીં.
રાજ—રાજગ્રહમાં રહેનારી તું ભોગવનારી સુખ.
વિના આધારે એકલી તું રહેતાં પામી શદુ ખરે. મુજ૦
અશ્રુ—માયાને છે ભય મુજ માતા, કાયાને નહીં કાંઈ.
સ્મશાન સેવું યોગ સાધવા, વસતું સદાય ત્યાંઇરે. નહીં૦
રાજ—શશિસમ વદન સુકાઈ જાશે જ્યારે લાગશે ભુખ.
જોગણ કરીને જા માં મુજને શું કરૂં લહીને સુખરે. મુજ૦
અશ્રુ—હવે મોહ છોડોરે માતા કોણ પુત્રી કોણ માત.
જંગલ જઈને અલેક જગાવું છોડો મોહની વાતરે. નહીં૦

રાજમહિષી— (રાગ ભરથરી.

ઉતારો અશ્રુમતી ભેખ આ. ટેક.
થોડું રે ચાલીને થાકી જતી પગ દુખત્તા મુજ બાળજી.
પાદર પુરૂં દીઠું નથી. જાતું જંગલ મોજારજી. ઉતારો.
ક્નારે ભોજન પુત્રી ભાવતાં ક્ષણું ક્ષુધા ના સેવાયજી,
પાણી રે પીતી તું પળે પળે કોણ કહેશે ક્ષમાયજી. ઉતારો.
હાજર માતા હજુરમાં જોતી વાર હજારજી;
ક્ષણું રે મેં મુકી નથી અંગે લાગે છે આગજી. ઉતારો.
માયા રે ભુલી પુત્રી માતની તરછોડ માં માતજી.

ઝુરીને મરીશ વિયોગમાં જીવન કરમા ધિક્કારજી. ઉતારો.

અશ્રુમતી.— **(રાગ સહર)**

ભીક્ષા આપોને માતા મારી. ટેક.
લપટાઓ માં માતા મોહમાં ભજો ભગવંત નામજી.
જગમાં નથી કોઈ કોઈનું ખાલી મરવું મુંજાઈજી, ભીક્ષા.
અશ્રુનથી માતા આપની નથી મારી તું માતજી;
રણુરે સંબંધે સૌ મલ્યું જાતું તજીને જંજાળજી. ભીક્ષા.

પ્રવેશ ૫ મો.

સલીમ—અશ્રુમતીના વિયોગમાં દીવાનો થઈ સ્મશાનમાં ભમે છે.

(રાગ ગજલ ખુશીસે કાટ લે દીલદાર ગરદન.)

જખમ છે ઝેરીરે દીલ માંહી તારો,
ભમે છે વનવનરે દીલદાર તારો. ટેક.
અશ્રુમતી તું અદ્રસ્ય થઇ ગઇ ક્યાં,
વનવન ભટકું સંભારી પ્યાર તારો. જખમ છે.
દીલે દીવાનો થઈને હું ફરું છું,
જશે જીવ માન પ્યારી જાણુ મારો. જખમ છે.

અશ્રુમતી (રાગ રસીલી તારી સુરત દેખી)

સુંદર સુરત સંભારી પ્યારા મન ઉદાસી ફરે છે મારૂં, સુંદર.
પ્રિત સંભારૂં પ્રિતમ તારી વિયોગથી જો રથીતી અમારી;
જખમ તારો દીલમાં છેકારી પ્યારા ઝુરૂ અહોનીશ તુંને સંભારી સુંદર.
ભેગાં રહેતાં ભાગ્ય સમજતી દીનદીન પળછીન સુખીરે હું હતી.
પડતાં હું ન્યારી દુખ પામુંછું પ્યારા તન કરૂં નહીં તુજથી આ ન્યારૂ. સુંદર.
અંકુર પ્રેમનો પ્રગટ કર્યો તેં ગુપ્ત હતો તે કર્યો છતો તેં,

શરણુ માંહી રાખને પ્યારા મારા જોગ લીધો આ તારીજ સારૂં. સુંદર

સલીમ–અશ્રુમતીને દેખતાં તેની આગળ ગુટણભેર બેસીને.

(રાગ વીરહ બારમાસી.)

મધુરી મુરત તો વસી દીલ મારે ફરૂં ઉદાસ અહરનીશ હું રે.
પ્રીયા દર્શન તેં દયા કરીને દીધું સલીમ આ દુખીયાને રે,
તુજ કારણ હું વન વન ઢુંઢું વૈરાગ જો મુજ મનડામાં રે. મધુરી.
કૃતાર્થ કીધો કામની મુજને માફ માગું કરજોડીને રે;
મારી હતી મેં હાથથી મારા, કેમ પાછી પ્રગટ તું થઈ રે. મધુરી.
વિયોગથી જો હાલ આ મારા નીચા કર હવે નમ્ર થઇ રે,
હેરાન થાઉં હું અહીં તહીં ભટકી ન રાજની ઇચ્છા રહી રે. મધુરી.
કોણ કારણ આ ભગવાં કીધાં ઉતાર ચાલ મુજ છાવણીએ રે,
પ્રિત સંભારી મુજ ઉપરની પ્રસંન કર પ્રિયા મન હરી રે. મધુરી.

અશ્રુમતી–(સલીમનું ગાયન સાંભળીને.)

(રાગ વેરાડી જોગીઓ.)

અરે તજું હું ભેખ આ સલીમ જોઈને,
ઉદાસ રે ફરૂં અહીં સંભારી પ્યારને. ટેક.
યોગ તપ ધ્યાન સૌ ભસ્મ થાઓ ક્ષણ માંય,
અંકુર વ્યાપ્યો પ્રેમનો સંભારી પ્યાર. અરે.
કોણ ક્ષત્રી કોણ યવન, ન દીલ માંહી ભ્રાંત.
મીત્ર મનોહર માટ તારા ઉદાસી રે મને. અરે.

આકાશવાણી–(અશ્રુમતી ભેખ ઉતારી સલીમ સાથે જવા-
વિચાર કર્યો ત્યારે)

શ્લોક.

ના છોડ પુત્રી શીવયોગ સાધ્યો,

મિથ્યા તું માન જગમાં સ્નેહ બંધ બાંધ્યો;
શરીર તુજમાં મોહ કામ જાગ્યો,
જાળવ જોગ જગમાં જસ બહુ વાધ્યો.

અશ્રુમતી–(આકાશવાણી ભેખ તજવા ના પાડે છે અને સ-લીમને જોઈ પ્રીતીનું આકર્ષણ થાય છે એટલે લાચારીથી કહેછે.)

(રાગ સોરઠ મારૂજી ચાંદની રાત.)

માફ કર પ્યારા સખા ગુમાવો ના જન્મરે વૃથા માફ કર પ્યારા સખા. ટેક
નથી મુઈ હું હાથથી મારા, ભોગવું છું દુખ આ સદા. માફ કર.
જાણે આ જોગનો ત્યાગ કરૂં હું નહીં ભોગવાય આપદા. માફ કર.
પ્રેમ કટારી લાગી કલેજે જોગ લીધો ના ભુલી તદા, માફ કર.
આગ બળે છે અંગમાં મારા સુખી રેજે મીત્ર તું સદા; માફ કર.
હરાન છેલું ચાહું હું ચીતે, ફરી મુખ ના જોઉ કદા, માફ કર.
કરવી નહીં હવે પ્રેમની વાતો પ્રજાળના અગ્ની વૃથા. માફ કર.
વાસના છોડી રાજ તું કરજે, ગુમાવો ના જન્મરે વૃથા. માફ કર.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી દુકાનેથી તરેહ તરેહની સેંકડો જાતની ટોપીઓ તથા ઘણી ઘણી જાતનાં પુસ્તકો જેવાં કે વાર્તા, નાટક, ફારસ, કાયદા, ડિપોમાં ચાલતી તમામ બુકો તથા ભીનોગ્રાફ તે શિવાય અમારા પ્રગટ કરેલાં પુસ્તકો કિફાયત ભાવથી મળશે જેઓને જોઇએ તેમણે નીચેને સિરનામે મંગાવવું.

સહી સેક્રેટરી દેવચંદ ફુલચંદ તથા ગુલાબદાસ કહાનદાશ

જાહેર ખબર.

હરેક કોઇને કાંઇપણ છપાવવું હશે તો કંટ્રાકટ રાખી કિફાયતથી સુંદર કામ કરાવી આપીશું.

સહી સેક્રેટરી દેવચંદ ફુલચંદ.

જાહેર ખબર.

કોઇ ગૃહસ્થની પાસે રચેલું પુસ્તક તૈયાર હોવા છતાં ગમે તે કારણથી છપાવા અશક્ત હોય ને અમારા ઉપર મોકલશે તો સારું હશે તો અમે છપાવી પ્રસિદ્ધ કરશું.

ગુલાબદાશ કહાનદાશ મણીઆર.

સૂચના.

ઉપરની જાહેર ખબરોનો ખુલાસો કરવાનો પત્ર નીચેને સીરનામે લખવો.

મણીઆર બાલુભાઈ કહાનદાસની કંપની.

ભાવનગર.

સહી ગુલાબદાસ કહાનદાસ મણીઆર.

દેવચંદ ફુલચંદ કોઠારી.

મણીઆર બાલુભાઈ કહાનદાસની કંપ-નીએ પ્રગટ કરેલાં પુસ્તકોની યાદી.

ઘણા સર્ટીફીકેટો મળેલાં હમીરરાજ ચૌહાણ નાટક.	રૂ૦—૮—૦
શૃંગારથી ભરપુર શૃંગાર.	રૂ૦—૪—[illegible]
સિદ્ધરાજ જયસિંહ ગાયન.	રૂ૦—[illegible]
ઉદેપુરના રાણા પ્રતાપસિંહનાં જનપ્રિય ગાયન.	રૂ૦—૨—૦
જોધપુરના રાઠોડ કર્ણસિંહના દિલપસંદ ગાયન.	રૂ૦—૨—૦
ચાંપરાજ હાંડાનાં સુંદર ગાયન.	રૂ૦—૨—૦
સ્વર્ગની નીસરણી.	રૂ૦—૦—૩
સિતાજીના મહિના	રૂ૦—૦—૩
જહેમપાંડન નાટક છપાય છે ગ્રાહક થઈ નામ નોંધાવો	રૂ૦—૮—૦
પ્રિયાંદા આખ્યાન છપાય છે.	રૂ૦—૬—૦

ઉપરનાં પુસ્તકો જોઈએ તો અમારા એજંટો પાસેથી પણ મળી શકશે ભાવનગર——પુરૂશોતમ ગીગાભાઈ તથા કરમાલી દાઉદભાઈ ગોળ બજાર હરીચંદ દાકરશી નાનચંદ રાયચંદની દુકાને. ગોઘા હરિચંદ અમીચંદ જુનાગઢ કામેશ્વર જયરામ ઠા. સૌરાષ્ટ્રદર્પણ ઓફિસ સુરત લાલભાઈ જીવણદાસ નાણાવટમાં મહુવા જનરલ મરચન્ટ એન્ડ પબ્લીશર ભગવાનદાસ દુર્લભદાસ બોટાદ પુરૂશોત્તમ કકલ સોલંકી સત્સંગ પ્રકાશના અધિપતિ અમદાવાદ બાલાભાઈ નગીનદાસ બુકસેલર રીચીરોડ તે શિવાય જાણીતા બુકસેલરો પાસેથી પણ મ[illegible]

સહી દેવચંદ ફુલચંદ ગોધારી.
ગુલાબદાસ કહાનદાસ મણીઆર.